જા.ન/પગાર/૨૦૨૩/ ૯૬૫૦

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/3, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઇન્સ,સુરત
તા.૨૮/૦૬/૨૦૨૩.

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (તમામ)
જિ-સુરત.

વિષય:- માહે જુલાઈ-૨૦૨૩નાં પગારડેટા સાથે નિયમિત ઇજાફાની વિગતો તેમજ સાતમાં કેન્દ્રીય પગારપંચની ભલામણોના આધારે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓનાં પગાર ધોરણની સુધારણા બાબત.

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:ED/MIS/e-file/3/2022/1022/G, તા-૧૫/૦૬/૨૦૨૩.
(૨) કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક:ઘ/પેન-3/૨૦૨૩/૮૧૩૫-૮૧૭૦, તા-૧૬/૦૬/૨૦૨૩.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે આ કચેરી હસ્તક આવેલ સુરત જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં માહે જુલાઈ-૨૦૨૩ પેઈડ ઇન ઓગસ્ટ-૨૦૨૩ માટે પગારનાં ડેટા નીચે મુજબની તારીખે સ્વીકારવામાં આવશે. તે મુજબ સમય મર્યાદામાં પગારનાં ડેટા બિનચૂક રજૂ કરવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | તારીખ/વાર | શાળા નંબર | સ્થળ | સમય |
|---|---|---|---|---|
| ૧ | તા.૦૩/૦૭/૨૦૨૩ સોમવાર | ૧ થી ૧૧૨ તથા ૨૪૯,૨૫૦,૨૫૧,૨૫૪,૨૫૬, ૨૫૮, ૩૦૧ | ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કૂલ,નાનપુરા,સુરત | સવારે ૧૦-૩૦ થી ૦૩-૦૦ સુધી |
| ૨ | તા.૦૪/૦૭/૨૦૨૩ મંગળવાર | ૧૧૩ થી ૨૨૯ તથા ૨૫૨,૨૫૭,૨૬૧,૨૭૩ | બી એ બી એસ સાર્વજનિક હાઈસ્કૂલ,બારડોલી,સુરત | સવારે ૧૦-૩૦ થી ૦૩-૦૦ સુધી |

નિયમિત પગાર ધોરણ મેળવતા બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનાં તમામ કર્મચારીઓનાં જુલાઈ-૨૦૨૩નાં રજૂ કરવાનાં થતાં ડેટા સાથે નીચે દર્શાવેલ વિગત મુજબ પગાર ડેટા રજૂ કરવા જણાવવામાં આવે છે.

- પે મેટ્રિક લેવલ પ્રમાણે જુલાઈ-૨૦૨૨માં જે બેઝીક પગાર મળતો હોય તે જ લેવલમાં તે પછીનાં સ્ટેજમાં આવતો બેઝીક પગાર જુલાઈ-૨૦૨૩માં આકારવાનો રહેશે. તેમજ કર્મચારી મુજબ છોડવાના થતાં ઈજાફાની રકમ E-1 BASIC(બેઝીક) વિગતો RT-3માં રજૂ કરવાની રહેશે.

- પગારબીલનાં ડેટા જે તે આર.ટી પત્રકોમાં એમ્પ્લોઈઝ નંબર ક્રમાનુસાર આપવાનાં રહેશે. પગારબીલના ડેટા સાથે આર.ટી. ફોર્મ તેમજ બેઝીક પગારની વિગત દર્શાવતું પત્રક તથા ઉચ્ચત્તર પગાર ધોરણનાં કિસ્સામાં એનેક્ષરની પ્રમાણિત નકલ સામેલ રાખવી. ઉપરોક્ત તમામ માહિતી પગાર ડેટા રજૂ કરતી વખતે અચૂક રજૂ કરવાની રહેશે.
- વધુમાં, ગુજરાત સરકારશ્રીનાં શિક્ષણ વિભાગનાં ઉકત સંદર્ભદર્શિત ઠરાવથી બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને તા-૦૧/૦૧/૨૦૧૬ થી તા-૩૧/૦૭/૨૦૧૭નાં સમયગાળા નાં સાતમાં પગારપંચ અન્વયેના પગાર તફાવતની રકમની પાંચ સરખા વાર્ષિક હપ્તા પૈકી પ્રથમ, બીજા અને ત્રીજા હપ્તાની ચૂકવણી કરવામાં આવેલ છે તેમજ ચોથા હપ્તાની ચૂકવણી કરવા ઠરાવેલ છે.
- સદર ઠરાવ અન્વયે શાળાનાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીનાં તફાવતની ગણતરી કરી, પાંચ હપ્તા મુજબ ચોથા હપ્તામાં કેટલી રકમ મળવાપાત્ર થાય છે. તેની ગણતરી કરી RT-૧૨માં E-30 હેઠળ રકમ દર્શાવવાની રહેશે. તેમજ નીચે મુજબનાં આધારો રજુ કરવાનાં રહેશે.

  (૧) સાતમાં પગારપંચનો ત્રીજો હપ્તો જે મહિનામાં ચૂકવાયેલ છે તે મહિનાના પગારબીલની પ્રમાણિત નકલ.

  (૨) સાતમાં પગારપંચ મુજબનાં ચોથા હપ્તા માટેનું ગણતરી પત્રક

  (3) RT-૧૨ માં E-30 ARREARS
- સદર ડેટા ન મળવાને કારણે કોઈપણ કર્મચારીનાં ઇજાફા અને સાતમાં પગારપંચનાં ચોથા હપ્તા બાબતે કોઈપણ પશ્ન ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત શાળાનાં આચાર્યશ્રીની રહેશે. જેની ખાસ નોંધ લેશો.

હિસાબી અધિકારી(વર્ગ-૨)
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત,જિલ્લો-સુરત.

સાતમા કેન્દ્રીય પગારપંચની ભલામણોના આધારે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના પગાર ધોરણની સુધારણા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2022/1022/G,
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૫/૦૬/૨૦૨૩.

વંચાણે લીધા:-

(૧) વિભાગનો તા.૧૬/૦૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૬/૭૮૮/ગ.
(૨) વિભાગનો તા.૧૫/૧૧/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૬/૭૮૮/ગ.
(૩) વિભાગનો તા.૧૦/૦૨/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૬/૭૮૮/ગ.
(૪) વિભાગનો તા.૦૪/૧૦/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૬/૭૮૮/ગ.

આમુખ:-

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને સાતમા કેન્દ્રીય પગારપંચની ભલામણો પ્રમાણે સુધારેલ પગાર ધોરણનો લાભ વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૬/૦૮/૨૦૧૭ના ઠરાવથી આપવામાં આવેલ છે. આ ઠરાવની શરત નં(૫) થી તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ સુધીના સમયગાળાના પગાર તફાવતની રકમ પાંચ સરખા વાર્ષિક હપ્તામાં, રાજ્ય સરકાર દ્વારા તફાવતની રકમ ચૂકવવા અંગે જે નિર્ણય લેવામાં આવે તે અનુસાર ચૂકવવામાં આવશે તેવી જોગવાઈ કરેલ છે. વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના તા.૧૫/૧૧/૨૦૧૮ના ઠરાવથી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ના સમયગાળાના પગાર તફાવતની રકમના પાંચ સરખા વાર્ષિક હપ્તામાં ચૂકવણી કરવાનું ઠરાવેલ છે તેમજ પાંચ સરખા વાર્ષિક હપ્તા પૈકી પ્રથમ વાર્ષિક હપ્તાની ચૂકવણી કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૩) સામેના તા.૧૦/૦૨/૨૦૨૨ના ઠરાવથી તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ના સમયગાળાના પગાર તફાવતની રકમના બીજા હપ્તાની, વંચાણે લીધા ક્રમાંક(૪) સામેના તા.૦૪/૧૦/૨૦૨૨ના ઠરાવથી ત્રીજા હપ્તાની ચૂકવણી કરવાની મંજૂરી આપવામાં આવેલ છે.

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ સુધીના સમયગાળાના પગાર તફાવતની રકમના ચોથા હપ્તાની ચૂકવણી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ના

૧૧૧૨

2486

eSign
Signed by: HITESH KISHORBHAI GOHIL
Location: Gandhinagar, India
Organization Name: Government of Gujarat
Date: 15-Jun-2023 (01:11 PM)

સમયગાળાના પગાર તફાવતની રકમના પાંચ સરખા વાર્ષિક હપ્તા પૈકી ચોથા હપ્તાની ચૂકવણી કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-સરકાર ઉપરની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૭/૦૬/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: HITESH KISHORBHAI GOHIL
Location: Gandhinagar, India
Organization Name: Government of Gujarat
Date: 15-Jun-2023 (01:11 PM)

(એચ.કે.ગોહિલ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા વિભાગ)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(નિયામકશ્રી શાળાઓની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- મેનેજરશ્રી, ઈન્ડેક્ષ્ટ બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ,
- શાખા સિલેક્ટ ફાઈલ.

BY-E-મેઈલ.

ક્રમાંક/દ્વ/પેન-૩/૨૦૨૩/૪૧૩૬-૪૧૭૦.
કમિશનરશ્રી, શાળાઓની કચેરી
બ્લોક નં.૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા.16/06/૨૦૨૩

• નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

નાયબ નિયામક (માધ્યમિક)
નિયામક શાળાઓની કચેરી
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

• નકલ રવાના જાણ સારૂ:-
- સંયુક્ત નિયામકશ્રી (હિસાબ), સદર કચેરી.
- સંયુક્ત નિયામકશ્રી (ઓઆર), સદર કચેરી.